# ણસાધનાવિચાર

: લેખક :

્યા. મુનિશ્રી ન્યાયવિજયજી

વિ. સં. ૨૦૧૪

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મુદ્રકઃ-હિંમતલાલ ડી. પટેલ,
શ્રી મહોદય પ્રેસ દાણાપીઠ-ભાવનગર.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# કલ્યાણસાધનવિચાર

માણસ સમજે છે કે વિષયો–ભૌતિક વિષયો સાંપડવાથી સુખી થવાય. જરૂર, ભૌતિક સાધનો પૂરતા પ્રમાણમાં સાંપડવાથી અમુક હદે જિન્દગીની કેટલીક મુશ્કેલીઓનો અન્ત આવી જાય; પણ એટલેથી સુખ પ્રાપ્ય નથી. સાચા સુખ માટે ભૌતિક સગવડ બસ નથી. હજાર ભૌતિક સગવડ હોય, છતાં સંસ્કારવિહીન અન્તઃકરણની હાલત અશાન્ત રહે છે. તમામ પ્રકારનાં ભૌતિક સાધનો હોવા છતાં અસંસ્કારી હૃદયમાં ફડફડાટ કાયમ જ રહે છે. એનું જીવન બહુધા સન્તપ્ત, વ્યાકુલ અને વ્યગ્ર રહે છે. નિઃસન્દેહ, કેવળ ભૌતિક સગવડ પર સુખની ઈમારત ખડી થઈ શકવાનું માનવું એ એક ભ્રમદૃષ્ટિ છે. એ જ ‘ અન્ધકાર ’ને લીધે પ્રાણી બહુ લાંબા કાળથી દુઃખી હાલતમાં રખડી રહ્યો છે. એની આટલી કફોડી સ્થિતિ એ મિથ્યાદૃષ્ટિએ જ કરી છે. એ “ મિથ્યાત્વ ” ખસે અને સદ્દૃષ્ટિ પ્રાપ્ત થાય તો સુખનો માર્ગ સરળ થાય.

સાચું જીવન શું છે એ ન સમજાય ત્યાં લગી ગમે તેટલાં પ્રચુર સાધનો ને સગવડો પણ માનસિક પરિતાપને શમાવવા સમર્થ ન થાય. ચિત્તના દોષો, મનના વિકારો અને અન્તઃકરણની મલિનતા માણસને હજાર સગવડભર્યાં સાધનો વચ્ચે પણ હેરાન કરે છે. આન્તર જીવનની મલિન દશામાં દરિયા જેટલી લક્ષ્મી કે મહાન્માં મહાન્ સામ્રાજ્ય પણ સુખ આપી શકતું નથી. સુખનું સ્થાન અન્તઃકરણ છે. એના પર મેલનાં થર બાઝેલાં હોય ત્યાં લગી, ચાહે ગમે તેટલાં સગવડીયાં સાધનો વિદ્યમાન હોય, સાચું સ્થિર સુખ ન હોય. કાદવભર્યાં ભાજનમાં દૂધ રેડાય તો એ દૂધ પણ કાદવ જ બની જાય ને ! તેમ બહારનાં સાધનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દ્વારા નિપજાવાતું સુખ પણ માનસિક વિકારમાં ભળીને શાન્તિરૂપ ન રહેતાં અશાન્તિમાં પરિણમી જાય.

આ પરથી ખુલ્લું થાય છે કે સુખની પ્રાપ્તિ માટે અન્તઃકરણની નિર્મલતા અપેક્ષિત છે. ચિત્તની ઉજ્જવળ–પવિત્ર સ્થિતિ એ જ સુખનું ઉદ્‌ગમસ્થાન છે, ઉજ્જવળ–પવિત્ર ચિત્તભૂમિ એ જ સુખનિષ્પત્તિની ફલદ્રૂપ ભૂમિ છે. એ માટે ચિત્તના દોષોને ખંખેરવાની જરૂર છે. ક્રોધ, મદ, બેઇમાની, માયા, તૃષ્ણા, મત્સર, ઇર્ષ્યા, દ્વેષ એ બધા ચિત્તના દોષો છે. મનના એ વિકારોને ધોયા વગર સુખની આશા રાખવી સર્વથા અસ્થાને છે. એ માલિન્યને ધોયા વગર ઇન્દ્ર, ચન્દ્ર, નરેન્દ્ર, મહેન્દ્ર કોઇ સુખી થઇ શકતો નથી. જે પોતાની આન્તર શુદ્ધિ સાધી શકયો છે તેને ભૌતિક સાધનોની સગવડ કમ હોય અને એથી બહારની અગવડનાં કષ્ટોનો સામનો કરવો પડે, તો પણ તેના ચિત્તની શાન્તિ અબાધિત રહે છે. આન્તરિકશુદ્ધિધારકની વિકસિત જ્ઞાનદૃષ્ટિ સુખ–દુઃખનો સાચો હિસાબ કરી જાણતી હોવાથી, સુખ–દુઃખના ઉદયના ખરા રસ્તાઓ જાણતી હોવાથી દુઃખના વખતે પણ તેનામાં પોતાની આત્મશાન્તિને સુરક્ષિત રાખવાનું સામર્થ્ય હોય છે. આ પરથી સાચું સુખ કયાં છે એ સ્પષ્ટ થાય છે. એક જ સુગમ શબ્દમાં એ વાત કહેવી હોય તો કહી શકાય કે સાચું સુખ સચ્ચરિતમાં છે. વિચાર અને આચરણની શુદ્ધિ એનું નામ સચ્ચરિત. શુદ્ધ ભાવના અને પવિત્ર વર્તન એનું નામ સચ્ચરિત. સત્ય, સંયમ, ત્યાગ, સન્તોષ, અનુકમ્પા, મૈત્રી આદિ ગુણોથી જીવનનું સંસ્કરણ એનું નામ સચ્ચરિત. આ પ્રકારનું સંસ્કારશાલી જીવન એ જ ખરી રીતે જીવન છે. સાચું ડહાપણ અને સાચું બળ એ પ્રકારનું જીવન જીવવામાં જ છે. વાસ્તવિક સુખ ને શાન્તિ એ પ્રકારના જીવનમાં જ વિલસે છે.

આત્મા, પરલોક કે ઇશ્વર એ તત્ત્વોના અસ્તિત્વ પર જેની આસ્થા બેસતી નથી, પ્રામાણિકપણે પરામર્શ કરવા છતાં, પોતાની વિચાર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શક્તિનો જિજ્ઞાસુ વૃત્તિએ ઉપયોગ કરવા છતાં જેની બુદ્ધિમાં એ તત્ત્વો ઊતરતાં નથી, તે એ તત્ત્વો ન માનવાને અંગે 'નાસ્તિક' કહેવાય છે. આવા મનુષ્યોમાં કેટલાક રૂડા નૈતિક આદર્શના પૂજક પણ હોય છે. આવા 'નાસ્તિક' ગણાતા પણ નીતિ અને સદાચરણની ઉપાસનામાં તત્પર હોય છે. આવા મનુષ્યો, આત્મા અને ઇશ્વરને માનીને જે કરવાનું છે તે તેને વગર માન્યે કરતા હોય છે. આવા દાર્શનિક દૃષ્ટિએ 'નાસ્તિક' કહેવાતા પણ નૈતિક દૃષ્ટિએ આસ્તિક હોય છે અને પોતાના જીવનનું શ્રેય સાધતા હોય છે. આ પરથી જણાય છે કે દાર્શનિક દૃષ્ટિએ જ્યાં નાસ્તિકતા હોય છે ત્યાં પણ જો સદાચરણ–નીતિનું યોગ્ય પાલન હોય તો તે પોતાનો મંગળ પ્રકાશ પાથરે છે; અને આખરે, એ નીતિ-સાધના વિશેષ ઉત્કર્ષને પ્રાપ્ત થતાં, પરિણામ એ આવે છે કે એના બધા ભ્રમો ભાંગી ભુક્કા થાય છે અને એને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.

આ પરથી સમજાવું જોઇએ કે સદાચરણનો નૈતિક આદર્શ માણસને તત્ત્વશ્રદ્ધા (પરોક્ષતત્ત્વશ્રદ્ધા)ની ગેરહાજરીમાં પણ કલ્યાણભૂમિ પર ચડાવે છે.

આ પરથી ફલિત થાય છે કે જીવનવિધિ એ જ મુખ્ય પ્રશ્ન છે. અને એની સચ્ચાઇમાં જ સુખની સાચી ચાવી રહેલી છે. આત્મા, પર-લોક કે ઇશ્વરમાં માનીને પણ જીવનશોધનની સાધના ન હોય, સદાચરણનું પાલન ન હોય તો તેવી માન્યતા માત્રથી શું કલ્યાણ સધાય? આત્મા અને ઇશ્વરવાદના સિદ્ધાન્તની ખરી અને મોટી ઉપયોગિતા જીવનની શુદ્ધિ કરવામાં છે, આત્મજીવનને વિકસિત બનાવવામાં છે, સદાચરણના માર્ગે પ્રગતિ કરવામાં છે. એ પ્રકારની જીવનક્રિયા જ્યાં વિકસ્વર હોય છે, ત્યાં તત્ત્વજ્ઞાન (Logical philosophy) સંબંધી કોઇ બાબતના ભ્રમ કે સંશય જો હયાતી ધરાવતા હોય તો તે જીવનસાધનના વિષયમાં કશી બાધા નાંખવા સમર્થ થતા નથી; તે બાપડા, સદાચરણદૃષ્ટિના પુણ્ય અને પ્રખર તેજ આગળ જરા પણ માથું ઊંચકી શકતા નથી; જીવનસાધનની વેગવતી પ્રવૃત્તિ આગળ તે બીચારાઓને પડ્યા પડ્યા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સડવા સિવાય બીજી કોઈ ગતિ રહેતી નથી. મતલબ એ જ નીકળે છે કે **સદાચરણવિહીન આસ્તિક કરતાં સદાચરણસમ્પન્ન નાસ્તિક ઘણે દરજ્જે સારો છે.**

આપણે જરા વિશેષ અવલોકન કરીએ.

'અધ્યાત્મ'નો અર્થ આત્મહિતને અનુકૂલ આચરણ એવો થાય છે. આત્મહિતને અનુકૂલ આચરણ એટલે સદાચરણ. જો કે અધ્યાત્મની ઉચ્ચ ભૂમિકાનું જીવન બહુ ગંભીર, બહુ સૂક્ષ્મ અને કલ્પનાતીત હોય છે, તથાપિ તે હદે પહોંચવા માટે અગાઉ સદાચરણની કેટલીયે સીઢીઓ પસાર કરવી પડે છે. અતએવ એને માટે આત્માની ખાત્રી થવા સુધી રાહ જોવાની ન હોય. સાચું તો એ છે કે સદાચરણ દ્વારા જેમ જેમ આન્તર મલ ધોવાતો જાય છે તેમ તેમ આત્મશ્રદ્ધાનો પ્રકાશ પ્રકટ થાય છે અને તેમ તેમ આધ્યાત્મિક જીવન વિકસતું જાય છે. આ ઉપરથી જોઈ શકાય છે કે અધ્યાત્મજીવન આત્મવાદ પર જ જીવાય છે એમ નથી, પરન્તુ પરમ કલ્યાણની, પરમ સુખની ભાવના પર અથવા ઉચ્ચ નૈતિક ભાવના પર તેના ઉત્થાનનો આધાર છે. અતએવ મનુષ્ય ચાહે આત્મવાદી હોય કે ચાહે અનાત્મવાદી, કોઇને માટે પણ અધ્યાત્મજીવનની ઉપયોગિતામાં કશો ફરક આવતો નથી. અનાત્મવાદીનું અધ્યાત્મજીવન "અજાણ્યે" પણ (સ્વતન્ત્ર આત્મતત્ત્વથી અજાણ હાલતમાં પણ) તેના આત્માનું હિતસાધક અવશ્ય બને છે, તેના (આત્મા) પરનાં આવરણ ખસેડવાનું કામ "અજાણ્યે" પણ તે અવશ્ય બજાવે છે, અને એ રીતે તેનું પરમાર્થ કલ્યાણ પણ સધાય છે. આમ, અધ્યાત્મ-જીવન, અર્થાત્ સદાચરણચર્યા એ જીવનકલ્યાણનો મુખ્ય અને શ્રેષ્ઠ માર્ગ છે.

પુરાતનકાલિક ભારતીય દર્શનોના સાહિત્યમાં આત્મસત્તાની સિદ્ધિ પર પુષ્કળ ઊહાપોહ કરાયો છે. પ્રમાણો તથા તર્કોથી આત્માને સાબિત કરવાનો પ્રાચીન ભારતીય દાર્શનિકોનો પ્રયત્ન બહુ વિસ્તૃત અને કિંમતી છે. એ ભારતીય સંસ્કૃતિ છે કે જેના તરફથી સંસારને 'આત્મા એક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વતન્ત્ર તત્ત્વ છે ' એ પ્રકારના સુન્દર જ્ઞાનનો વારસો મળ્યો છે. જગત્ ભારતીય દર્શનના સંપર્કથી આત્માને જાણવા લાગ્યું છે. છતાં આજે ભારતમાં જ એક એવું આન્દોલન પ્રવર્તે છે કે જે અનાત્મવાદનું જોર-શોરથી પ્રતિપાદન કરે છે. કમમાં કમ, આત્માના સંબંધે સંશયાલુ વૃત્તિ તો વર્ત્તમાન જગતના ઘણા ધીમાનો ધરાવતા હશે. આજનું બુદ્ધિવાદનું વાતાવરણ એવું ફેલાયેલું છે કે પરમ્પરાગત પ્રાચીન રીતિ-પદ્ધતિના તર્કો કે પ્રમાણો પર તે લોકોના ચિત્તનું સમાધાન થઈ શકતું નથી. આજની વૈજ્ઞાનિક અને દાર્શનિક આલોચના તથા શોધક પદ્ધતિથી જે પ્રકાશ પડે તેની જ આજના જગતની આંખે કિમ્મત અંકાય છે.

સુખ–દુઃખની લાગણી જે શરીરસ્પર્શી નહિ, પણ અન્તઃસ્પર્શી છે, તે પરથી શરીરથી અલગ કોઈ શક્તિવિશેષના અસ્તિત્વનો ખ્યાલ જરૂર આવી શકે છે. પ્રાચીન દાર્શનિકોએ આત્મસિદ્ધિની મીમાંસા કરતાં આ અનુભવનો મુખ્ય આશ્રય લીધો છે.

ઇન્દ્રિયો વિષયગ્રહણનાં સાધન છે, પરન્તુ એમની મદદથી જે, વિષયને ગ્રહણ કરે છે તે તત્ત્વ અલગ છે એમ તો જરૂર વિચારી શકાય. સાધકને સાધનની અપેક્ષા છે, પણ એથી સાધક અને સાધન એક ન હોઇ શકે. ઇન્દ્રિયો વિષયને ગ્રહણ કરવામાં સાધનભૂત છે, અત-એવ એમના દ્વારા વિષયને ગ્રહણ કરનાર જે છે તે અવશ્ય એમનાથી ભિન્નરૂપે સિદ્ધ થાય. ઇન્દ્રિયોને વિષયગ્રાહક (વિષયગ્રાહક આત્માના સ્થાને) માનીએ તો વાંધો આવે છે. કેમકે ઇન્દ્રિયો એક નથી, પાંચ છે, અને તે એક એકથી જુદા જુદા એક એક ચોક્કસ વિષયનું ગ્રહણ થાય છે; તેમ છતાં એ બધાય ભિન્ન ભિન્ન વિષયોના જ્ઞાતા તરીકે તો કોઇ એકનો જ અનુભવ થાય છે. દાખલા તરીકે, રૂપગ્રહણ ચક્ષુથી થાય છે અને રસાદિગ્રહણ રસના આદિ ઇન્દ્રિયોથી થાય છે, છતાં ચક્ષુ દ્વારા જે, રૂપનો ગ્રાહક છે તે જ, રસનાદિદ્વારા રસાદિનો પણ ગ્રાહક છે, અર્થાત્ ચક્ષુ આદિ બધી ઇન્દ્રિયોદ્વારા રૂપાદિ બધા વિષયોનો ગ્રાહક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(જ્ઞાતા) એક જુદો અનુભવાય છે. દૃષ્ટિથી દર્શન થતાં દ્રષ્ટા તરીકે દૃષ્ટિ નથી અનુભવાતી, પણ એક અન્ય જ શકિત અનુભવાય છે; અને તે જ શક્તિ, સ્પર્શનથી સ્પર્શ થતાં સ્પ્રષ્ટા તરીકે પણ અનુભવાય છે; તે જ, રસનાથી ચાખતાં ચાખનાર અને નાકથી સુંઘતાં સુંઘનાર તરીકે પણ અનુભવાય છે; અને તે જ, શ્રવણથી શ્રવણ કરતાં શ્રોતા તરીકે પણ અનુભવાય છે. આથી ઇન્દ્રિયોથી પર એવી કોઈ ચેતનશક્તિ સિદ્ધ થાય છે. ઇન્દ્રિયોને જ વિષયગ્રહણનાં સાધન અને વિષયગ્રાહક એઉ માનીએ તો એ ઉપર જણાવ્યું તેમ, અનુભવથી ઊલટું જાય છે. એક દાખલાથી પણ સમજી શકાશે. એક માણસ જે પોતાના નેત્રથી અનુભવો લીધા પછી આંધળો બન્યો છે, તેને પણ પૂર્વે જોયેલા વિષયોનાં સ્મરણ તો થાય છે. હવે અહીં વિચારવાનું છે કે આ સ્મરણશકિતનો સંઘરો કોણે કરી રાખેલો ? જે અનુભવે તે જ સંઘરે અને તે જ સ્મરે એવો પ્રાકૃતિક નિયમ છે. જે જુએ તે જ યાદ કરે. દૃષ્ટિને જોનાર (દ્રષ્ટા) તરીકે માનીએ તો દૃષ્ટિ ચાલી જતાં પૂર્વદૃષ્ટને કોણ યાદ કરશે ? દૃષ્ટિ ચાલી જતાં પણ આંધળાને પૂર્વ–દૃષ્ટોનું જે સ્મરણ થાય છે તે કેમ ઘટશે ? દૃષ્ટિને દ્રષ્ટા તરીકે માનીએ તો વિષયોને જોઇ સ્મરણશકિતને સંઘરનાર પણ તે જ ઠરશે; અને વખત પર યાદ કરનાર પણ તેને જ માનવી પડશે; અને જો એવું હોય તો દૃષ્ટિના અનુભવો લીધા પછી આંધળા બનેલાને પૂર્વદૃષ્ટનું સ્મરણ કંઈ પણ થઇ શકશે નહિ; કેમકે એની દૃષ્ટિ ચાલી જવાથી દ્રષ્ટા તેમ જ સ્મરણશકિતને સંઘરનાર એને કોઈ રહ્યો નથી. જ્યારે દૃષ્ટિથી ભિન્ન દ્રષ્ટા માનીએ, ત્યારે દૃષ્ટિ ચાલી જતાં પણ દ્રષ્ટા અને સ્મરણશકિતનો સંઘરનાર વિદ્યમાન હોવાથી પૂર્વદૃષ્ટોનાં સ્મરણ ઉપપન્ન થઈ શકે છે. ઘટનિષ્પત્તિનાં સાધન દંડ, ચક્ર વગેરે કુંભારનાં ખોવાઇ કે તૂટી જાય એથી એ કુંભારનું અસ્તિત્વ કંઇ મટી જતું નથી, તેમ દ્રષ્ટાની દૃષ્ટિ ચાલી જવાથી દ્રષ્ટાનું અસ્તિત્વ મટી જતું નથી. એટલું જ નહિ, પણ સાધનના અભાવે તે કુંભાર નવા ઘડા બનાવી ન શકે, પણ અગાઉના બનેલા ઘડાઓનો તો વ્યવહાર કરી શકે, તેમ દ્રષ્ટા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દૃષ્ટિ વગરનો થતાં નવું ન જોઇ શકે, પણ પૂર્વદૃષ્ટોનાં સ્મરણ કરી શકે. દ્રષ્ટા દૃષ્ટિથી જે જે દર્શન કરે છે તેના સંસ્કારનો સંઘરો પણ તે રાખે છે; અને એથી જ દૃષ્ટિની ગેરહાજરીમાં પણ અગાઉના જોયેલા વિષયો તેને યાદ આવે છે. આ ઉપરથી દૃષ્ટિથી ભિન્ન દ્રષ્ટાનું અસ્તિત્વ સાબિત થાય છે. આ પ્રમાણે દૃષ્ટિની જેમ બીજી ઇન્દ્રિયોનું પણ સમજી લેવાય.

પાંચે ઇન્દ્રિયોને ધારણ કરનાર વ્યક્તિ સાંભળીને જુએ છે, જોઇને અડે છે, અડીને સુંઘે છે અને સુંઘીને ચાખે છે, અને એ પ્રમાણે અનુભવ કરી પોતાના અનુભવનો ઉલ્લેખ કરતાં કહે છે કે—" હું કેરીને જોઇ અડયો, અડીને સુંઘી અને સુંઘીને ચાખી." આ અનુભવમાં જોનાર, અડનાર, સુંઘનાર અને ચાખનાર એક જ હોય એમ સ્પષ્ટ સમજાય છે. એ એક કોણ? એ ઇન્દ્રિય ન હોઇ શકે, કેમકે જોવાનું, અડવાનું, સુંઘવાનું અને ચાખવાનું એ સઘળું કામ કોઈ એક ઇન્દ્રિયથી શક્ય નથી. એ જુદું જુદું એક એક કામ જુદી જુદી એક એક ઇન્દ્રિયથી બને છે. જોનાર ( દ્રષ્ટા ) તરીકે ચક્ષુને માનતાં તે અડનાર, સુંઘનાર અને ચાખનાર ઘટશે નહિ; અડનાર ( સ્પ્રષ્ટા ) તરીકે સ્પર્શન ઇન્દ્રિયને માનતાં તે જોનાર, સુંઘનાર અને ચાખનાર ઘટી શકશે નહિ; અને સુંઘનાર ( ઘ્રાતા ) તરીકે નાસિકાને માનતાં તે જોનાર, અડનાર અને ચાખનાર બની શંકશે નહિ; તેમ જ ચાખનાર ( રસયિતા ) તરીકે રસનાને માનતાં તે જોનાર, અડનાર અને સુંઘનાર ઘટશે નહિ. અતઃ ઇન્દ્રિયોદ્વારા જોનાર, અડનાર, સુંઘનાર, ચાખનાર જે એક છે તે ઇન્દ્રિયોથી પર છે, અને તે આત્મા છે.

પુદ્ગલ( Matter )ના ગુણો જાણીતા છે. કોઈ ભૌતિક જડ તત્ત્વમાં ચૈતન્ય નથી. અતએવ ચૈતન્ય ( જ્ઞાન ) એ ભિન્ન ગુણ છે. અને એ ઉપરથી એના ઉપાદાનરૂપ આધાર તરીકે એક ભિન્ન તત્ત્વ સાબિત થાય છે અને તે જ આત્મા છે. યદ્યપિ વેદન યા અનુભવ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થવામાં મસ્તિષ્કને નિમિત્તકારણ માની શકાય, પણ કેવળ નિમિત્તકારણથી શું થાય? ઉપાદાન કારણ તો જોઇએ ને? ઘડા માટે માટી જ ન હોય તો દંડ, ચક્ર આદિ શું કરશે? જ્ઞાનગુણના ઉપાદાનની શોધ કરતાં તે કોઇ ભૌતિક તત્ત્વ કે પુદ્ગલનો ગુણ સિદ્ધ ન થતો હોવાથી કોઈ અન્ય સ્વતન્ત્ર દ્રવ્યનો ગુણ ઠરે છે અને એને જ આત્મા, ચેતન, જીવ વગેરે શબ્દોથી કહેવામાં આવે છે. અણુઓમાં જે ગુણ કે શકિત હોય છે તે જ ન્યૂનાધિક વિકાસમાં તેનાં સ્થૂલ દ્રવ્યોમાં પ્રકટ થાય છે. અણુઓમાં જે ન હોય તે તેમના સ્થૂલ પિંડમાં કયાંથી આવી શકે? ચૈતન્ય કે જ્ઞાન કોઈ પુદ્ગલનો કે અણુનો ગુણ જ નથી, તો પછી તેના સ્થૂલ પિંડમાં તેનું પ્રાકટ્ય કેમ ઘટે? રેતીના કણમાં તેલ નથી, એટલે જ તો તેના ઢગમાંથી તેલ નીકળતું નથી, જ્યારે તલના એક દાણામાં તેલ હોવાથી તેના ઢગમાંથી તે પ્રાપ્ત થાય છે. આની વિરુદ્ધમાં મદિરાનું ઉદાહરણ આપી કોઈ એમ કહે કે મદિરાની અલગ અલગ ચીજોમાં માદકતા ન છતાં તે બધી ચીજોના સંયોગથી જેમ માદકતા ઉત્પન્ન થાય છે, તેમ ભૌતિક તત્ત્વોના વિશિષ્ટ સંયોગે ચૈતન્ય પણ પેદા થવામાં શું હરકત છે? પરન્તુ સાચી વાત એ છે કે મદિરાની અલગ અલગ ચીજોમાં પણ કંઈ ને કંઈ અંશે માદકતા છે, એટલે જ એ સઘળી ચીજોના સંયોગમાં માદકતાનું પરિણમન વિકસે છે. પરન્તુ ભૌતિક તત્ત્વો અચેતન હોઈ તેમના વિશિષ્ટ સંયોગે પણ વિલક્ષણ ચેતનશક્તિ કેમ ઉદ્ભવે? ઉપર કહ્યું તેમ, રેતીના કણસમૂહોના ગમે તેવા વિશિષ્ટ સંયોગે પણ તેમાંથી તેલ કેમ પ્રગટે? જગતના ભૌતિક પદાર્થો કે યન્ત્રોમાં ગતિ, પ્રકાશ આદિ જે ગુણો કે શક્તિઓ દેખાય છે તે ગુણો કે શકિતઓ કંઈ બહારથી નથી આવ્યાં, તે તેમના અણુઓમાંથી પ્રાપ્ત છે. જે અણુઓથી જે દ્રવ્ય કે યન્ત્ર બનેલ છે તે અણુઓમાં તેના ગુણો કે તેની શકિતઓ મોજૂદ છે, અને તેનું વિકસિત રૂપ તે અણુઓના તે સ્થૂલ દ્રવ્ય કે યન્ત્રમાં પ્રાપ્ત થાય છે. એન્જીનમાં જે ગતિની ઝડપ દેખાય છે તે, વિજળીના દીવામાં જે પ્રકાશ દેખાય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે તે, બીજા પુદ્ગલ દ્રવ્યોમાં [ભૌતિક પદાર્થોમાં] પણ (ભલે તેના કરતાં ઓછે અંશે) દેખાય છે. માત્ર વિશિષ્ટ યોગને લીધે વિશિષ્ટ દ્રવ્યોમાં તે ગુણો અને તે શક્તિઓ વિશિષ્ટરૂપે વિકસિત થયેલાં હોય છે. ગતિ, પ્રકાશ આદિ, કોઇ દ્રવ્યમાં મન્દ હોય છે, અતએવ બીજા દ્રવ્યમાં તેનું વિકસિત રૂપ ઘટી શકે છે, તેમ ચૈતન્ય કે જ્ઞાન કોઈ પુદ્ગલ (ભૌતિક) દ્રવ્યમાં કે સ્થૂલ સ્કન્ધમાં સિદ્ધ થાય છે કે ? જો એમ સિદ્ધ થતું હોય તો તેનું વિકસિત રૂપ શરીરમાં યા મસ્તિષ્કમાં ઘટાવી શકાય. પણ જ્યારે ગતિ, પ્રકાશ આદિની જેમ ચૈતન્ય કોઇ પુદ્ગલ–દ્રવ્યમાં બિલકુલ ઘટિત થતું ન હોય, તો પછી શરીરમાં કે મસ્તિષ્કમાં એ તત્ત્વ–એ તત્ત્વનું ઉપાદાનપણું કેમ ઘટી શકે ? આપણે અણુઓ નથી જોઈ શકતા, એટલે એના ધર્મો કે ગુણો એનાં સ્થૂલ દ્રવ્યો પરથી માલૂમ કરવામાં આવે છે. આ મુજબ ચૈતન્ય જ્યારે જગતના કોઈ સ્થૂલ પુદ્ગલ–દ્રવ્યમાં ઘટતું નથી, તો અણુઓમાં કેમ ઘટી શકે ? અને અતએવ અણુસંઘાતરૂપ શરીર કે મસ્તિષ્કમાં કેમ જ ઘટે ?

આત્માની સિદ્ધિ થતાં પુનર્જન્મની સિદ્ધિ એની સાથે જ થઇ જાય છે. કેમકે આત્માની સિદ્ધિ એટલે ચૈતન્યરૂપ એક નિત્ય દ્રવ્યની સિદ્ધિ. આત્મા સાબિત થાય એટલે એનાં પૂર્વજન્મો પણ સાબિત થાય અને પુનર્જન્મ પણ સાબિત થાય. કેમકે આત્માની એક જિન્દગી પૂરી થતાં પાછી બીજી જિન્દગી એને પ્રાપ્ત થવાની જ; નિત્ય આત્મા (સંસારી હાલતમાં) એક શરીરને ત્યાગી કયાંય બીજા ખોળિયામાં જવાનો જ, એટલે એ જ એનો પુનર્જન્મ. એનો દરેક જન્મ એના પૂર્વજન્મની અપેક્ષાએ પુનર્જન્મ જ છે. એનો કોઈ જન્મ એવો ન હોય કે જેની અગાઉ જન્મ ન હોય. એનાં જન્મોની (ભિન્નભિન્ન દેહોનાં ધારણની) પરંપરા હમેશાંથી એટલે કે અનાદિકાળથી ચાલી આવે છે એમ માનવું બંધ બેસે છે. આત્માના ભૂતકાળના કોઈ જન્મને સર્વપ્રથમ એટલે કે શરૂઆતનો જન્મ માનીએ તો એમ માનવું પડે કે આત્મા ત્યાં લગી અજન્મા હતો અને પછી એનો એ પહેલવહેલો નવો જન્મ શરૂ થયો. આમ જો માનવું પડે તો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આજન્મા એવા શુદ્ધ આત્માને પણ ક્યારેક જન્મ ધારણ કરવાનું સંભવિત બની શકે છે એમ માનવું પડે, અને એમ જો માનવું પડે તો ભવિષ્યમાં મુક્તિ પ્રાપ્ત થયા પછી પણ ક્યારેક પાછો જન્મપાશ વળગવાનું સંભવિત બની જાય છે અને એથી સ્થિર અને પૂર્ણ મુક્તિનું અસ્તિત્વ ઊડી જાય છે. દેહધારણની પરંપરા ચાલે તો અખંડ રૂપે જ ચાલે, વચમાં ક્યારે પણ દેહની કડી તૂટ્યા વગર અવિચ્છિન્ન રૂપે જ ચાલે; અને એક વાર દેહનો વળગાડ છૂટ્યો કે પછી એ હમેશાને માટે છૂટી જાય છે.

આપણે જોઇએ છીએ કે બધા પ્રાણીઓ સરખા નથી. આ વિષમતાનું કારણ કોઈ હોવું જોઇએ. પોતાના મૂળરૂપમાં બધા જીવો સમાન છે, માટે જીવથી ભિન્ન–બહારનો–કોઇ પદાર્થ ભળ્યા વગર જીવોમાં વિષમતા આવી શકતી નથી. અતઃ જીવથી ભિન્ન જે પદાર્થ જીવની સાથે લાગેલો છે તે જ બન્ધનરૂપ ' કર્મ ' છે. આ પ્રમાણે આત્મસંયુક્ત બન્ધનરૂપ ' કર્મ 'નું અસ્તિત્વ સિદ્ધ થાય છે.

આત્મા અમૂર્ત છે અને કર્મ ભૌતિક પુદ્ગલરૂપ હોઇ મૂર્ત છે, છતાં આત્મા પર કર્મ પોતાનો પ્રભાવ પાડી શકે છે. મદિરાપાનનો જેમ આત્માની ચેતના પર પ્રભાવ પડે છે, તેમ આત્મા પર કર્મનો પ્રભાવ પડી શકે છે.

આ ' કર્મ 'જ છે, જેના બળે જીવ પુનર્જન્મના ચક્રમાં ઘૂમતો રહે છે. સ્વકૃતકર્મઅનુસાર એ નવા નવા જન્મ ગ્રહણ કરે છે અને એનાં (કર્મનાં) સારાં–માઠાં ફળ ભોગવે છે. જગતમાં સુખી–દુઃખી, બુદ્ધિમાન્-મૂર્ખ, બળવાન્–નિર્બળ ઇત્યાદિ અનન્ત વિભિન્નતાઓ–વિચિત્રતાઓ જે જોવાય છે એ અકારણ તો કેમ હોઈ શકે? અતઃ એમના મૂળમાં મૂળભૂત કાર્યવાહી ' કર્મ 'ની છે એમ અનુમાની શકાય છે. સાવધાનીથી ચાલતો માણસ પણ ક્યારેક અકસ્માત્નો શિકાર બને છે, જેને દુર્દૈવની ઘટના કહેવામાં આવે છે તે કર્મનો જ ખેલ છે. ગર્ભના આરંભથી લઇ જન્મપર્યન્ત ભ્રૂણ જે કષ્ટ સહન કરે છે તે કોના કર્મથી? એનાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માતાપિતાના કર્મથી ? એ કેમ ઘટે ? ત્યારે પોતાના કર્મથી ? એ પણ તો કેમ ઘટે ? કેમકે એણે હજુ સુધી કોઈ કર્મ કર્યું નથી. પછી આ સહન કેમ ? આ ઉપરથી અનુમાન કરી શકાય છે કે આ સહન એનાં પૂર્વભવનાં કર્મને આભારી છે.

માણુસ ધાર્મિકવૃત્તિનો હોય, પણ એણે પૂર્વજન્મમાં કરેલાં પાપ એને કેમ છોડે ? એનાં ફળ તો અહીં એને ધાર્મિક જીવનદશામાં પણ ભોગવવાં પડે. એ ભોગવાઈ ગયા પછી એને વર્તમાનકાલીન પુણ્યાચરણનાં મીઠાં ફળ મળવાનાં. આ વાતને આ રીતે સમજાવાય કે અત્યારે એ ભલે ઘઉં વાવી રહ્યો હોય, પણ એ ઘઉં હાલ તુરત તો એને કેમ મળી શકે ? હાલ તો એ અગાઉના ભેગા કરેલા કોદરાથી ચલાવે. એ કોદરા ખલાસ થતાં વર્તમાનમાં વાવેલ ઘઉં એને મળવાના.

એવી જ રીતે, માણુસ અધર્મી હોય, પણ એણે પૂર્વજન્મમાં કરેલાં પુણ્યકર્મનાં ફળરૂપ સુખસાધન એને મળી શકે છે. પણ એ ભોગવાઈ ગયા પછી એને વર્તમાનકાલીન પાપાચરણનાં માઠાં ફળ મળવાનાં. ઉપરના દૃષ્ટાન્ત મુજબ, એ અત્યારે ભલે કોદરા વાવી રહ્યો હોય, પણ એ કોદરા હાલ તુરત તો એને કેમ મળી શકે ? હાલ તો એને અગાઉના સંઘરેલા ઘઉં મળી શકે છે. પણ એ ઘઉં ખલાસ થતાં વર્તમાનમાં વાવેલ કોદરા જ એના નસીબમાં આવવાના.

મનુષ્યનું વર્તમાન જીવન પુણ્યાચરણયુક્ત હોય અથવા પાપાચરણયુક્ત હોય, પણ પહેલાંની એની ખેતીનું ફળ એને મળ્યા વગર કેમ રહી શકે ?

જો વર્તમાનજીવન પુણ્યાચરણી હોય અને અગાઉ(પૂર્વ)ની ખરાબ ખેતીનાં ખરાબ ફળ એની સાથે જોડાયાં હોય ત્યારે, અને વર્તમાનજીવન પાપાચરણી હોય અને અગાઉ(પૂર્વ)ની સારી ખેતીનાં મીઠાં ફળ એની સાથે જોડાયાં હોય ત્યારે સામાન્યજનોને એ આશ્ચર્યરૂપ લાગે છે, પરન્તુ એમાં આશ્ચર્યની કોઈ વાત નથી. કર્મનો નિયમ અટલ અને વ્યવસ્થિત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. સારાનું સારું અને બુરાનું બુરું એ એનું અબાધિત શાસન છે, એ પ્રાકૃતિક નિયમ છે. એ ક્રિયા-પ્રતિક્રિયાનો સ્વાભાવિક સિદ્ધાન્ત છે.

એક જ માતાપિતાનાં સન્તાનોમાં અન્તર માલૂમ પડે છે. એટલું જ નહિ, એકસાથે જન્મેલ યુગલમાં પણ અન્તર જોવામાં આવે છે. તેમનાં વિદ્યા, શિક્ષણ, બુદ્ધિ, ડહાપણ, અનુભવ અને વર્તન વગેરેમાં ફરક જોવાય છે. એ અન્તરનો ખુલાસો રજવીર્ય અને વાતાવરણની વિભિન્નતા પર જ પર્યાપ્ત નહિ થાય. પૂર્વજન્મના સંસ્કારોનું પરિણામ પણ ત્યાં વિચારવું જોઇશે. ઐહિક કારણો અવશ્ય પોતાની કૃતિ દાખવે છે, પરન્તુ એટલેથી વિચારણા અટકતી નથી. એ કારણો પણ પોતાનો હેતુ માગે છે. મૂળ કારણની શોધ વર્તમાન જિન્દગીના સંયોગોમાં નહિ જડે. એટલે પૂર્વજન્મ હોવાની આપણને પ્રતીતિ થાય છે.

સંસારમાં એવા પણ માણસો જોવાય છે કે જેઓ અનીતિ અને અનાચારનું સેવન કરવા છતાં ધની અને સુખી હોય છે, જ્યારે નીતિ અને ધર્મના માર્ગ પર ચાલનારાઓમાં કેટલાક દરિદ્ર અને દુઃખી દેખાય છે. આમ થવાનું શું કારણ? "કરણી તેવું ફળ" ક્યાં? આનો ખુલાસો વર્તમાન જન્મ સાથે પૂર્વજન્મનું અનુસન્ધાન (ઉપર જણાવ્યું તે મુજબ) વિચારતાં આવી શકે છે. પૂર્વજન્મના કર્મસંસ્કારો અનુસાર વર્તમાન જિન્દગી ઘડાય છે અને વિશેષ પરિસ્થિતિઓ ઊપજે છે; એ જ પ્રમાણે વર્તમાન જિન્દગી અનુસાર ભવિષ્યની જિન્દગીનું નિર્માણ થાય છે. અર્થાત્ પૂર્વજન્મના કર્મસંસ્કારોનાં પરિણામ વર્તમાન જિન્દગીમાં પ્રગટ થાય છે, અને વર્તમાન જિન્દગીના કર્મસંસ્કારોનાં પરિણામ ભવિષ્ય જિન્દગીમાં પ્રગટ થાય છે. એમ શું નથી બનતું કે કેટલાક બદમાશ, લૂટારા અને ખૂની ઘોર અપરાધ કરીને એવા ગુપ્ત રહી જાય છે કે તેઓ ગુન્હાની સજાથી બચી જાય છે, જ્યારે બીજા નિરપરાધીઓને ગુન્હા વગર ગુન્હાની ભયંકર સજા ભોગવવી પડે છે? કેટલો અન્યાય? કરણી તેવું ફળ ક્યાં? પણ એ બધી ગુંચવણ પુનર્જન્મ કે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પૂર્વજન્મના સિદ્ધાન્ત આગળ ઉકેલાઈ જાય છે. પૂર્વકાલમાં જેવાં કર્મો કરવામાં આવ્યાં હોય તેવાં ફળ મળ્યા વગર કેમ રહે ?

સરખી પરિસ્થિતિમાં પોષાયેલાઓમાં પણ એકની બુદ્ધિ અને સ્મરણશક્તિ તીવ્ર હોય છે, જ્યારે બીજાની મન્દ હોય છે. અતએવ સાધન અને ઉદ્યમ સમાન છતાં એકને વિદ્યા કે કળા જલ્દી ચડે છે, જ્યારે બીજો એમાં પાછળ રહે છે. એનું શું કારણ હશે? પૂર્વજન્મના અનુસન્ધાન વગર એનો ખુલાસો કેમ થઈ શકે? સરખા અભ્યાસવાળા અને સરખી પરિસ્થિતિમાં ઉછરેલાઓમાં એકને કુદરતી વક્તૃત્વ, કવિત્વ કે સંગીત જેવી શક્તિઓ વરે છે, ત્યારે બીજો જન્મભર તે શક્તિથી વિરહિત રહી જાય છે, અથવા પેલાના વિકાસની સરખામણીમાં ઘણો મન્દ રહી જાય છે. આનું કારણ પૂર્વજન્મના અભ્યાસસંસ્કાર જ તો? છ-સાત વર્ષનો બાળક પોતાની સંગીતકળાથી જનતાને મુગ્ધ કરી શકે એ પૂર્વજન્મની સંસ્કારશક્તિના સ્ફુરણ વગર કેમ ઘટે? આવાં અનેક ઉદાહરણો પર વિચાર કરી શકાય. જન્મતાંની સાથે જ અશિક્ષિત બાળક સ્તનપાનમાં પ્રવૃત્ત થાય છે એ ઉપરથી પણ પૂર્વભવીય ચૈતન્યની અનુવૃત્તિનું અનુમાન કરી શકાય છે.

પૂર્વજન્મ હોય તો તે યાદ કેમ ન આવે? એમ પ્રશ્ન થાય. પણ વર્તમાન જિન્દગીમાં જ બની ગયેલી બાબતો બધી યાદ આવે છે? ના. ઘણી, વિસ્મૃતિમાં અવરાઈ જાય છે, અવરાયેલી રહે છે, તો પૂર્વજન્મની કયાં વાત કરવી? જન્મક્રાન્તિ, શરીરક્રાન્તિ, ઇન્દ્રિયક્રાન્તિ—આમ આખા જિન્દગીનો ધરમૂળમાં જ આખો પલટો થાય, ત્યાં પછી પૂર્વજન્મની યાદ કેવી? છતાં કોઈ કોઈ મહાનુભાવને આજે પણ પૂર્વજન્મનાં સ્મરણ થાય છે. એના દાખલા પણ બહાર આવતા રહે છે. એ બાબતની વિગત હિન્દની પ્રતિષ્ઠિત પત્રિકાઓમાં પ્રકટ પણ થયેલી છે. જાતિસ્મરણની એ ઘટનાઓ માણસને પુનર્જન્મ વિષે વિચાર કરતો મૂકી દે તેમ છે.

માણસનાં કૃત્યોની જવાબદારી પુનર્જન્મથી જળવાય છે. સુજન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહાનુભાવને પણ ક્યારેક ઘોર આપત્તિ આવે છે અથવા વિના અપરાધે ઉગ્ર રાજદંડ ભોગવવો પડે છે, પરન્તુ તે વખતે તેની માનસિક શાન્તિમાં પુનર્જન્મનો સિદ્ધાન્ત બહુ ઉપકારક થાય છે. વર્તમાન જિન્દગીની સત્કૃતિઓનું અનુસન્ધાન આગળ ન હોય તો મનુષ્ય હતાશ થઈ જાય; આફતના વખતમાં તેની ચારે બાજુ અન્ધકાર ફરી વળે.

આપણા (મનુષ્ય) જીવનમાં "અકસ્માત્" ઘટનાઓ કંઈ ઓછી નથી બનતી. એ, અકસ્માત્ (દૃષ્ટ કે પ્રત્યક્ષ કારણનો સંબંધ ન હોવાથી અ–કસ્માત્) ભલે કહેવાય, પણ નિર્મૂલ તો કેમ હોઈ શકે? તેની પાછળ મૂળ તો હોવું જોઇએ, અકસ્માત્ પણ કસ્માત્? કોનાથી–શાથી? એની શોધનો વિચાર કરતાં અદૃષ્ટનું (કર્મનું) અસ્તિત્વ સમજમાં ઊતરી શકે છે. "પુણ્ય–પાપ" એ કર્મ છે, જેને 'અદૃષ્ટ' પણ કહેવામાં આવે છે. આમ કર્મ, પુનર્જન્મ અને આત્મા એ ત્રણેની ઉપપત્તિનો પ્રવાહ સાથે ચાલે છે.

સંસારમાં કોઈ માણસ એમ વિચાર કરે કેઃ—આત્મા વગેરે કંઈ નથી. જેટલા દિવસો હું આ જિન્દગીમાં મોજશોખ મારું, એટલા જ દિવસો મારા છે. આ જિન્દગીની સમાપ્તિ પછી આ દેહ પાંચ ભૂતોમાં મળી જશે અને 'હું' જેવો કંઈ વ્યવહાર નહિ રહે. હું જીવદયા કરું કે જીવહિંસા કરું, સાચું બોલું કે જૂઠું બોલું, સંયમિત રહું કે ઉચ્છૃંખલ રહું, અથવા જેમ મનમાં આવે તેમ કરું તો તેમાં હરકત જેવું શું છે? કારણ કે મારાં કરેલ કર્મોનો મને દંડ કે પુરસ્કાર આપનાર કોઈ છે જ નહિ. પરન્તુ આવો વિચાર કે ખ્યાલ એકદમ ભ્રમપૂર્ણ છે. આ જિન્દગીમાં કોઈ અનીતિ, અનાચાર, લૂંટફાટ, મારફાડ અને ખૂનામરકી કરી ધનવાન્ થાય અને મૌજથી ફરે, પણ એનાં એ દુષ્કૃત્યોની જવાબદારી એના પરથી ઊડી જતી નથી. સજ્જનોની દુઃખી હાલત અને દુર્જનોની સુખી હાલત પાછળ ઐહિક પરિસ્થિતિ ઉપરાંત કોઈ અદૃષ્ટ કારણ ન હોય અને એ હાલતનો હિસાબ અહીં ને અહીં પૂરો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થઈ જાય, એનું અનુસન્ધાન આગળ ન ચાલે તો આધ્યાત્મિક જગત્માં એ ઓછું અન્ધેર નહિ ગણાય.

કર્મવાદ એક એવું વ્યવસ્થિત અને ન્યાય્ય વિશ્વશાસન છે કે પ્રાણીમાત્રના કાર્યને યોગ્ય જવાબ આપે છે. માટે જ મનુષ્યસમાજને સારો બનાવવામાં કર્મવાદનો સિદ્ધાન્ત, જે પુનર્જન્મવાદનો સ્રષ્ટા છે, અત્યન્ત ઉપયોગી છે. એનું એક માત્ર તાત્પર્ય બુરાં કર્મથી ખસી સારાં કાર્ય કરવાં–દૌર્જન્યને દૂર કરી સૌજન્યશાલી બનવું એ છે, જેના પરિણામે ઉત્તરોત્તર વિકાસ સાધી પૂર્ણતાએ પહોંચી શકાય.

જન્માન્તરવાદના સિદ્ધાન્તથી પરોપકારભાવના પુષ્ટ થાય છે અને કર્તવ્યપાલનમાં તત્પરતા આવે છે. પરોપકાર કે કર્તવ્યપાલનનાં લૌકિક ફળ પ્રત્યક્ષ છે, છતાં જિન્દગીનાં દુઃખોનો અન્ત ન આવે તો એથી જન્માન્તરવાદી હતાશ થતો નથી. આગામી જન્મની શ્રદ્ધા તેને કર્તવ્યમાર્ગ પર સ્થિર રાખે છે. તે સમજે છે કે કર્તવ્યપાલન કદિ નિષ્ફલ ન જાય; વર્તમાન જન્મમાં નહિ, તો આગામી જન્મમાં તેનાં ફળ મળશે. આમ પરલોકના શ્રેષ્ઠ લાભની ભાવનાથી માણસ સત્કર્મમાં પ્રવૃત્ત રહે છે. તેને મૃત્યુનો ભય પણ નથી રહેતો. કેમકે આત્માને નિત્ય યા અમર સમજનાર માણસ મૃત્યુને દેહપલટા સિવાય બીજું કશું જ સમજતો નથી. મૃત્યુને તે એક કોટ ઉતારી બીજો કોટ પહેર્યા જેવું માને છે; સત્કર્મશાલીને માટે તે પ્રગતિમાર્ગનું દ્વાર બને છે એમ તે સમજે છે. આમ મૃત્યુનો ભય જિતાવાથી અને જીવન અનન્ત છે એમ સમજવાથી જીવનને ઉત્તરોત્તર વધુ વિકસિત કરવાની વિવેકસુલભ ભાવનાના યોગે તેની કર્તવ્યનિષ્ઠા બલવતી બને છે. આત્માની નિત્યતા સમજનાર એમ સમજે છે કે બીજાનું બુરું કરવું તે પોતાનું બુરું કરવું છે, અને સમજે છે કે વેરથી વેર વધે છે અને કરેલ કર્મોના સંસ્કારો અનેક જન્માન્તરો સુધી પણ જીવ સાથે લાગ્યા રહી તેનાં ફળ કયારેક લાંબા વખત સુધી પણ ચખાડયા કરે છે. આ પ્રમાણે આત્મવાદના સિદ્ધાન્તને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સમજનાર માણુસ બધા આત્માઓને પોતાના આત્મા સરખા સમજી બધાઓ સાથે મૈત્રી અનુભવે છે અને તેની રાગ-દ્વેષની વાસના ઓછી થતી જાય છે. આ રીતે તેનો સમભાવ પોષાય છે અને તેનો વિશ્વપ્રેમ વિકસતો જાય છે. દેશ, જાતિ, વર્ણ કે સમ્પ્રદાયના ભેદો વચ્ચે પણ તેનું દૃષ્ટિસામ્ય (સમદૃષ્ટિપણું) અબાધિત રહે છે. તે સમજે છે કે મર્યા પછી આગામી જન્મમાં હું ક્યાં, કઈ ભૂમિ પર, કયા વર્ણમાં, કઈ જાતિમાં, કયા સમ્પ્રદાયમાં, કયા વર્ગમાં અને કઈ સ્થિતિમાં પેદા થઈશ તેનું શું કહી શકાય? માટે કોઈ દેશ, જાતિ, વર્ણ કે સમ્પ્રદાયના તેમ જ ગરીબ કે ઊતરતી પંક્તિના ગણાતા માણુસ સાથે અસદ્ભાવ રાખવો, મદ-અભિમાન કે દ્વેષ કરવો વાજબી નથી. આમ, આત્મવાદના સિદ્ધાન્તથી નિષ્પન્ન થતા ઉચ્ચ દૃષ્ટિસંસ્કારના પરિણામે આત્મવાદી કે પરલોકવાદી સજ્જન કોઈ પ્રાણી સાથે વિષમભાવ ન રાખતાં 'पंडिताः समदर्शिनः'ના મહાન્ વાક્યાર્થને પોતાના જીવનનું ધ્યેય બનાવે છે અને એમ કરી લોકકલ્યાણના સાધન સાથે પોતાના આત્મહિતના સાધનને વણી નાંખવાના કાર્યમાં યત્નશીલ બને છે.

અનેક તાર્કિક મનુષ્યોને ઇશ્વર અને આત્માના સમ્બન્ધમાં સન્દેહ રહે છે, પણ જ્યારે તેમના ઉપર મોટી આફત આવે છે અથવા તેઓ ભયંકર વ્યાધિના શિકાર બને છે, ત્યારે તેમનો તાર્કિક જોશ બધો નરમ પડી જાય છે. તે વખતે તેમનું તર્કોડ્ડયનબળ સઘળું વિંખાઈ જાય છે, તેમનું તર્કવૈદગ્ધ્ય તેમને પોતાને નીરસ લાગવા માંડે છે અને તેમનું મન ઇશ્વરને સંભારવામાં મશગૂલ બને છે. તેઓ ઇશ્વર તરફ ઝુકે છે, તેને સ્મરે છે અને તેની આગળ પોતાની દુર્બલતા, અસહાયતા અને પાપપરાયણતા વારંવાર પ્રકટ કરી પોતાની સમ્પૂર્ણ દીનતા જાહેર કરે છે, અને રોતા હૃદયે ભક્તિપૂર્ણ ભાવથી તેનું શરણ માગે છે. માણુસની માનસિક કટ્ટરતા ગમે તેટલી હોય, પણ દુઃખના વખતમાં તેમાં જરૂર ફેર પડે છે, કઠોર વિપત્તિના વખતે તેનું ઉછાંછળાપણું બધું હવા થઈ જાય છે. તેમાં વળી દારુણ રોગોથી પ્રહાર કરતી મરણની નોબત! એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તો ગંભીરમાં ગંભીર પરિસ્થિતિ, એ વખતે તો કટ્ટરમાં કટ્ટર નાસ્તિક પણ ગળગળો બની જાય છે, એની નાસ્તિકતા ગળી જાય છે, અને, દુઃખના પંજામાંથી છૂટવા માટે કોને વીનવવો, કોનું શરણ લેવું એની શોધમાં એની આંખો ઘૂમવા લાગે છે.

આત્મા, પરમાત્મા અને પુણ્યપાપરૂપ કર્મનું અસ્તિત્વ સ્વીકારવામાં કોઈ હાનિ નથી, બલ્કે લાભ જ છે. એ નિર્વિવાદ વાત છે કે સમાજનું સ્વાસ્થ્ય સદાચરણની ભૂમિ પર અવલંબિત છે, એટલે સામાજિક દૃષ્ટિએ પણ સદાચરણી જીવનની કેટલી આવશ્યકતા છે એ કટ્ટર નાસ્તિક પણ સમજી શકે છે અને પ્રામાણિકપણે સ્વીકારે પણ છે. ત્યારે સદાચરણને પુણ્ય અને દુરાચરણને પાપ સમજી લેવામાં કોઇને પણ વાંધો હોઈ શકે તેમ નથી. અનાત્મવાદીને પણ નહિ. અને એ પ્રકારે પણ પુણ્ય-પાપની સમજુતી જીવનના ક્ષેત્રમાં પૂરતી સમજુતી થઈ પડે છે, અને એથી જીવનનો હેતુ બરાબર સધાઇ રહે છે. કેમકે એ સમજુતી અનુસાર પણ માણસ સદાચરણશાલી બને અને સમાજમાં સદાચરણનું ઉચ્ચ વાતાવરણ ફેલાય એ કેટલી સારી વાત છે. અને પુનર્જન્મમાં ન માનનાર અથવા સન્દિગ્ધ માણસ પણ બેધડક કહી શકશે કે જો પુનર્જન્મ હશે તો સદાચરણીને મરણોત્તર પુનર્જન્મ પણ સારો જ મળવાનો, પણ દુરાચરણીનું તો મરણ પછી આવી જ બનવાનું !

હા, એ ખ્યાલમાં રાખવા યોગ્ય છે કે આત્મા અને પુનર્જન્મ વિષેનું આસ્તિક્ય સદાચરણનિષ્ઠ રહેવામાં વિશેષ સહાયક થઇ શકે છે.

આત્મા, કર્મ ( પુણ્ય-પાપ ), પુનર્જન્મ, મોક્ષ અને ઇશ્વર એ પંચક એવું છે કે એકને માનતાં બાકીનાં બીજાં બધાંય એની સાથે આવી જાય છે; અર્થાત્ એકને સ્વીકારતાં પાંચે સ્વીકારાઈ જાય છે અને એકને સ્વીકૃત ન કરતાં પાંચે અસ્વીકૃત થઈ જાય છે. આત્માનો સ્વીકાર થયો કે પુનર્જન્મનો સ્વીકાર થઈ જ ગયો. અતએવ પુણ્ય-પાપ પણ સાથે જ આવી ગયાં. આત્માની પૂર્ણ શુદ્ધિ એ જ મોક્ષ, એટલે મોક્ષનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વીકાર પણ આત્માની સાથે જ આવી જાય; અને મોક્ષ એ જ ઇશ્વર-તત્ત્વ, અર્થાત્ પરમ શુદ્ધ મુક્ત આત્મા એ જ પરમાત્મા અને એ જ ઇશ્વર, એટલે ઇશ્વરવાદ પણ આત્મવાદમાં જ આવી જાય છે.

ઇશ્વરસિદ્ધિ માટે લાંબા પારાયણની જરૂર નથી. થોડામાં જ સમજી શકાય તેમ છે કે જેમ જગત્માં મલિન દર્પણની હયાતી છે, તેમ શુદ્ધ દર્પણની પણ હયાતી છે, અથવા કહો કે મલિન સુવર્ણની હયાતી છે, તેમ શુદ્ધ સુવર્ણની પણ હયાતી છે, આ પ્રમાણે, અશુદ્ધ આત્માની હયાતી છે, તો શુદ્ધ (પૂર્ણશુદ્ધ) આત્માની વિદ્યમાનતા પણ ન્યાયઘટિત છે. મલિન દર્પણ ઉપરથી શુદ્ધ દર્પણનું અસ્તિત્વ પણ ખ્યાલમાં આવે છે, અથવા કહો કે સગી નજરે જોઈ શકાય છે, તેમ અશુદ્ધ આત્મા પરથી શુદ્ધ (પૂર્ણશુદ્ધ) આત્માનું અસ્તિત્વ પણ ખ્યાલમાં આવી શકે છે. અશુદ્ધ વસ્તુ શુદ્ધ બની શકે છે, તેમ અશુદ્ધ આત્મા પણ શુદ્ધ બની શકે છે. જીવોની અંશતઃ શુદ્ધિ જોવાય છે, તો પૂર્ણશુદ્ધિ પણ સંભવિત છે; અને જ્યાં એ સધાઈ છે તે જ ઇશ્વર છે.

આત્મા જેમ જેમ પોતાના વિકાસસાધનનો અભ્યાસ કરે છે, તેમ તેમ તે વધુ ઉન્નત થતો જાય છે. આત્મા જ્યારે મૂઢ દશામાં હોય છે ત્યારે 'બહિરાત્મા' કહેવાય છે. એ પછી ભદ્રભાવને પ્રાપ્ત થતાં 'ભદ્રાત્મા', સમ્યગ્દૃષ્ટિને પ્રાપ્ત થતાં 'અન્તરાત્મા', સન્માર્ગ પર પ્રગતિ કરતાં 'સદાત્મા', આત્મવિકાસની મહાન્ ભૂમિકા પર આવતાં 'મહાત્મા', યોગના ઉચ્ચ શિખર પર પહોંચતાં 'યોગાત્મા' અને પરમ શુદ્ધિ-(પૂર્ણતા)ને પ્રાપ્ત થતાં પરમાત્મા બને છે. આમ અભ્યાસનો ઉત્કર્ષ પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે આત્મા પરમાત્મા બને છે. આમ પરમાત્મા બનવું એ જ ઇશ્વરત્વ કે ઇશ્વરપદનું પ્રાકટ્ય છે. જે કોઈ આત્મા પવિત્ર સાધનમાર્ગે ચાલે, પોતાની સાધનાને વિકસાવતો આગળ વધે અને અન્તતઃ સાધનાના ચરમ શિખરરૂપ પૂર્ણ વીતરાગતાએ પહોંચે તે પરમાત્મસ્થિતિને પ્રાપ્ત કરે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આધ્યાત્મિક વિષય વૈરાગ્યપ્રધાન વિષય છે. રાગ, દ્વેષ, મોહ એ દોષો જ સંસારનાં સર્વ દુઃખોની જડ હોઈ આધ્યાત્મિક સાહિત્યનાં સર્જન કે સ્વાધ્યાય એ દોષોના વિદારણ માટે જ થાય છે. એ રીતે તેનો મુખ્ય વિષય આત્મશાન્તિનો પાઠ ભણાવવાનો હોય છે. ખરેખર જ રાગ, દ્વેષ, મોહની ભીષણતાનો વાસ્તવિક ખ્યાલ આપ્યા વગર આત્મ-શાન્તિનો પાઠ કેમ ભણાય? ભોગલાંપટયની ભયંકરતા, કામની કુટિલતા, વિષયોની નશ્વરતા, શરીરની નશ્વરતા, ઇન્દ્રિયોની માદકતા અને ચિત્તની ચપલતા પર તાદૃશ ચિતાર ખડો કરી વાચકના હૃદય પર નિર્મોહ દશાની ભાવના પેદા કરવી એ જ આધ્યાત્મિક વાઙ્મયનું મુખ્ય કાર્ય છે. તટસ્થ-પણે વિચાર કરીએ તો જગત્ના ભૌતિક પદાર્થોને નાશવાન્ બતાવવામાં અધ્યાત્મશાસ્ત્ર કંઈ ગેરવાજબી કરે છે? આપણે પોતાની સગી આંખે વિષયોની વિષમતા નથી જોતા? પછી ભોગલંપટતાને ભાંડવામાં અધ્યાત્મ-શાસ્ત્ર શું ખોટું કરે છે? ક્ષણભંગુર અને સન્તાપપર્યવસાયી ભોગોમાં લપટાઈ જઇ પોતાના જીવનની દુર્ગતિ કરવી અને આત્મશાન્તિના શાશ્વત લાભને ગુમાવવો એને કોઈ પણ સુજ્ઞ ડહાપણ કહેશે ખરો? તેમાં પણ મનુષ્યજીવન જેવી ઉચ્ચ સામગ્રી મળવા છતાં માણસ આત્મવિકાસનું લક્ષ્ય ભૂલી જઈ જડવાદની પૂજામાં ઢળી પડે એ કેટલી દુઃખની વાત! જીવનના સર્વોત્તમ આદર્શ પર પ્રકાશ નાખતું આ સદ્વાક્ય બસ છે કે—

"प्रापणात् सर्वकामानां परित्यागो विशिष्यते" (મનુ)

અર્થાત્ સર્વ કામોની પ્રાપ્તિ કરતાં તેનો ત્યાગ ચડી જાય છે. કારણ કે ભોગોમાં આત્માનું મૂર્ચ્છન છે, જ્યારે એનાથી ઉપર ઊઠવામાં આત્માનો વિકાસ છે. ત્યાગ (દુર્ભાવનાનો, દુર્વાસનાનો, કુટેવનો, દુરાચરણનો ત્યાગ) એ આધ્યાત્મિક ચિકિત્સા છે. એનાથી આત્મામાં અનાદિ કાળથી ઘર કરી બેઠેલા દારુણ મોહરોગોની ચિકિત્સા થાય છે. જેમ જેમ એ ચિકિત્સા આગળ વધે છે, તેમ તેમ આત્માનું આરોગ્ય ખીલતું જાય છે, અને પરિપૂર્ણ ત્યાગથી પરિપૂર્ણ આરોગ્ય (સ્વાસ્થ્ય) પ્રાપ્ત થાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અધ્યાત્મનો ઉપદેશ વાણીમાં કરવો જેટલો સહેલો છે તેટલો આચરવો સહેલો નથી. કેટલાક એવા ઉપદેશકુશલ હોય છે કે પોતાની ઉપદેશકળાથી શ્રોતાઓને વૈરાગ્યની રસધારમાં તરબોળ કરી શકે છે, પણ પોતાની આત્મશુષ્કતાને દૂર કરવાનું કામ તેમને બહુ અઘરું થઇ પડે છે. કહેવું સરળ છે, પણ કરવું કઠણ છે. સંન્યાસ (સંન્યાસનો અર્થ અકર્મણ્યતા નહિ, પણ સ્વાત્માના શુદ્ધીકરણમાં વધુ ને વધુ આગળ વધવા સાથે લોકકલ્યાણની વ્યાપક પ્રવૃત્તિ) એ આધ્યાત્મિક જીવનની બહુ ઉચ્ચ કક્ષા છે. પણ તે મોટામાં મોટો પુરુષાર્થસાધ્ય માર્ગ છે. એ મહાન્ માર્ગ પર ચાલવું એ મહાન્ વીર્યવાન્નું કામ છે. બધાની સરખી યોગ્યતા નથી હોતી. અતએવ અધિકાર વગર 'લાંબું' પગલું ભરનાર નીચે પડે એ સ્વાભાવિક છે. ઊંચી કક્ષા ગ્રહણ કરવા માટે પોતાની યોગ્યતાનું અવલોકન કરવું અને પોતાનું યોગ્ય પરીક્ષણ કરવું જરૂરનું છે. વૈરાગ્યપ્રિય મુમુક્ષુ મનુષ્યનું મન આધ્યાત્મિક કથા તથા ભાવનામાં સારું લાગે છે, અને એમાં એ સારો રસ લે છે, છતાં સંસારનો માયા-મોહ તેનાથી છૂટી શકતો નથી. આ જાતનાં ઉદાહરણો આપણી નજર સામે ખડાં છે. દીર્ઘકાલિક મોહરસનો નિબિડ લેપ સમજુ માણસને પણ સાધના કરવા દેતો નથી, સાધનાની ભૂમિ તરફ પગલાં માંડતાં એને વિઘ્નભૂત બને છે, એને સાધના કરતાં સ્ખલિત કરે છે અને સાધનામાં આગળ ગયેલાને પણ પાડે–પછાડે છે. મ[redacted] એ "લેપ" નિર્વીર્ય બનવો એ કઠિનમાં કઠિન કામ છે. છતાં વ્યવહારભૂમિ પર વિચરનાર સંસારવાસી વર્ગ પણ પોતાના ગૃહસ્થાશ્રમના સુયોગ્ય પાલન સાથે આધ્યાત્મિક ભાવના ખીલવી શકે છે અને આધ્યાત્મિક જીવન જીવી શકે છે એમાં મુદ્દલ શક નથી. તેઓએ જીવનનો સાચો માર્ગ ધ્યાનમાં લઇ, સંસારમાં રહેવા છતાં સંસારવ્યવહારમાં એવા લિપ્ત ન થવું જોઇએ કે મનુષ્યજીવન પામ્યાનો સાર ન નીકળે. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ તેઓ આત્મવિવેક દાખવી શકે છે અને આધ્યાત્મિક સાધના કરી શકે છે. જેમ જેમ એ સાધના ખીલે છે, તેમ તેમ મોહાસક્તિ મન્દ પડતી જાય છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને તેમ તેમ અધ્યાત્મયોગ વધુ ખીલતો જાય છે. આ પ્રમાણે ભાવના-વિભૂષિત, દૃષ્ટિસમ્પન્ન, દૃઢનિશ્ચયી આત્મા ગૃહવાસમાં પણ મોહાવરણ સામે પોતાનું આત્મબળ ફેરવતો પોતાની આધ્યાત્મિક પ્રગતિ સાધે છે અને જનસમૂહને ઉદ્‌બોધક તથા પ્રેરક ઉદાહરણરૂપ બને છે.

卐

"Disagreement is refreshing when two men lovingly desire to compare their views to find out truth. Controversy is wretched when it is only an attempt to prove another wrong."

—F. W. Roberston.

—મતભેદ અથવા વાદચર્ચા ત્યારે સુન્દર લાગે છે, જ્યારે સત્યની શોધ માટે બે માણસો પરસ્પર પ્રેમથી પોતાના વિચારોની તુલનાત્મક આલોચના કરવા ચાહે છે; પરન્તુ મતભિન્નતા યા ચર્ચા જ્યારે બીજાને જૂઠો સિદ્ધ કરવાના પ્રયત્નરૂપ હોય છે ત્યારે તે દીન–હીન કંગાલ બને છે.

"Slumber not in the tents of your fathers. The world is advancing. Advance with it."

—Mazzini.

—તારા પૂર્વજોના ડેરામાં ઊંઘ્યા ન કર. જગત્ આગળ વધી રહ્યું છે. એની સાથે તું પણ આગળ વધ.

Be good towards all beings and you are sure of liberation.—N.

—બધા સાથે ભલો થા અને એથી તારો મોક્ષ નિશ્ચિત છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ન્યા. ન્યા. મુનિ મહારાજશ્રી ન્યાયવિજયજીન

# जैनदर्शन

## પુસ્તકના સંબંધમાં

સુવિચારક વિદ્વાન્ અને મહોપદેષ્ટા સ્વામીજી પ્રેમાનન્દજી મહારાજ લખે છે કે—

" मुनिश्री न्यायविजयजी का जैनदर्शन ( हिन्द पढा । वह तो अत्यन्त मानवता के रंग में रंगा हुआ है उसे जैनदर्शन कहना पुस्तक का अपमान करना है । मे दृष्टि में उसे " भारतीय संस्कृति दिग्दर्शन " कहना चाहिए ।

पुस्तकप्राप्तिस्थान—

**श्री हेमचन्द्राचार्य जैन सभा**

ठि. पीपळानो शेर,

( उ. गुजरात ) पाटण

मूल्य चार रूपया ।

---

આ 'કલ્યાણસાધનવિચાર' ચોપડીના મુદ્રણમાં

## આર્થિક સહાયક

માંડલ( વીરમગામ )નિવાસી શાહ મનસુખભાઈ ખુશ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com